અન્નાથી લઈને નિર્ભયા અને કુસ્તીબાજોના આંદોલનનું સાક્ષી બનેલું ઐતિહાસિક સ્થળ હવે ઈતિહાસ

પ્રાચીન વેધશાળાથી લોકઆંદોલનોના ધબકારા સમાન બનેલા જંતર-મંતરનું વિરોધ પ્રદર્શન સ્થળ તરીકેનું અસ્તિત્વ રદ

નવી દિલ્હી, તા. 12: દાયકાઓથી, જંતર મંતર ભારતની રાજધાનીમાં લોકશાહીની પ્રતીતિ કરાવતા સ્મારક તરીકે ઊભું રહ્યું છે, જ્યાં લોકો એ આશા સાથે એકઠા થતા હતા કે તેમના અવાજો સત્તા પર બેઠેલા લોકો સુધી પહોંચશે. અન્ના હજારેના ઉપવાસથી લઈને, નિર્ભયા વિરોધ પ્રદર્શનો, તમિલનાડુના ખેડૂતોના ધરણા અને મહિલા પહેલવાનોના ધરણા અને NEET પેપર લીક આંદોલન સુધી, આ સ્થળે લોક આંદોલનો અને વિરોધની અનેક શક્તિશાળી અભિવ્યક્તિઓ જોઈ છે.

આમ તો જંતર મંતર એ એક પ્રાચીન વેધશાળા છે -- જે સમય અને આકાશગંગાના ગ્રહો-નક્ષત્રોની ગતિ માપવા, જોવા માટે બનાવવામાં આવેલા તેના વિશાળ ભૌમિતિક યંત્રો સાથે આ સ્થળે ઉભું છે. જે સમયે ખગોળીય અવલોકનોના આધુનિક સાધનો નહીં હતા તે સમયે તેના મારફતે પડછાયાઓ વગેરેનો અભ્યાસ કરીને અવકાશી પદાર્થોની ગતિ, સમય વગેરેનો અભ્યાસ કરવામાં આવતો હતો. આધુનિક સમયમાં તેની નજીકનું સ્થળ ધરણા, વિરોધ પ્રદર્શનો વગેરે માટેનું કેન્દ્ર બની ગયું.

હવે, દિલ્હી પોલીસ દ્વારા તેને વિરોધ પ્રદર્શન માટેના અધિકૃત સ્થળ તરીકે રદ કરવામાં આવતાં, આ સીમાચિહ્નસ્થળ લોકો માટે પોતાનો અવાજ બુલંદ કરવાના સ્થળ તરીકેનું પોતાનું મહત્ત્વ ગુમાવવાનું જોખમ ઊભું થયું છે.

વર્ષોથી, રાજધાનીના હાર્દસમા આ વિસ્તારમાં જીવનના વિવિધ ક્ષેત્રોના લોકો એકઠા થયા છે, જેઓ ભ્રષ્ટાચાર અને અન્યાય સામેની ફરિયાદો, જવાબદારીની માગણી, મહિલાઓની સુરક્ષા અને સામાજિક પરિવર્તન જેવા મુદ્દાઓ પર એકસાથે આવ્યા છે. ઘણા લોકો માટે, જંતર મંતર એ એવા મુદ્દાઓ તરફ દેશનું ધ્યાન દોરવાનું પ્લેટફોર્મ હતું જે કદાચ અન્યથા અનસુણ્યા રહી ગયા હોત.

ક્યા ક્યા મહત્વના વિરોધ પ્રદર્શનો આ સ્થળે થયા?

આ સ્થળ પરના પ્રારંભિક મહત્ત્વપૂર્ણ પ્રદર્શનોમાંનું એક 1993માં થયું હતું, જ્યારે સરકારની આર્થિક નીતિઓ અને સાંપ્રદાયિકતા વિરુદ્ધ 'જેલ ભરો' આંદોલન માટે 33 સંસ્થાઓ એકઠી થઈ હતી. સંસદમાં આંદોલનનું કદ દર્શાવતા એકસામટી આંકડા રજૂ થયા હતા, જ્યાં એક સાંસદે જણાવ્યું હતું કે આ પ્રદર્શનમાં લગભગ 25,000 લોકોએ ભાગ લીધો હતો. લગભગ બે દાયકા પછી, જંતર મંતર કાર્યકર્તા અન્ના હજારેની આગેવાની હેઠળના દેશવ્યાપી ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનનું કેન્દ્ર બન્યું. 5 એપ્રિલ, 2011ના રોજ, હજારેએ ભ્રષ્ટાચાર સામે લડવા માટે વધુ મજબૂત જન લોકપાલ બિલની માગણી સાથે પાંચ દિવસના ઉપવાસ શરૂ કર્યા. ડિસેમ્બર 2012માં, રાજધાનીમાં ચાલુ બસમાં એક મહિલા પર થયેલા બળાત્કાર બાદ આ સ્થળ અને તેની આસપાસનો વિસ્તાર પ્રદર્શનોનું મહત્ત્વપૂર્ણ સ્થાન બન્યો. નિર્ભયા તરીકે ઓળખાયેલી આ મહિલાએ ઈજાઓને કારણે દમ તોડ્યો, જેનાથી સમગ્ર દેશમાં વ્યાપક રોષ ફેલાયો. જંતર મંતર એવા જૂથોને પ્લેટફોર્મ પૂરૂં પાડવાનું ચાલુ રાખ્યું જેમની ચિંતાઓ પર સતત ધ્યાન ખેંચવામાં મુશ્કેલી પડતી હતી. 2017માં, તામિલનાડુના ખેડૂતોએ વધતું દેવું, દુષ્કાળને કારણે થયેલ નુકસાન અને તેમની આજીવિકાને અસર કરતી અન્ય સમસ્યાઓથી રાહત મેળવવાની માગણી સાથે 41 દિવસનું પ્રદર્શન કર્યું હતું. 2023માં એક હાઇ-પ્રોફાઇલ રમતગમત વિવાદને લઈને આ સ્થળ વિરોધ પ્રદર્શનોનું કેન્દ્રબિંદુ બન્યું, જ્યારે ઓલિમ્પિક પદક વિજેતાઓ સહિતના અગ્રણી કુસ્તીબાજોએ રેસલિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયાના તત્કાલીન વડા બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કુસ્તીબાજોએ તેમના પર મહિલા એથ્લેટ્સની છેડતી કરવાનો આરોપ લગાવ્યો હતો અને ધરપકડ તથા કાર્યવાહીની માગણી કરી હતી. અને છેવટે હાલ છેલ્લે તબીબી પ્રવેશ પરીક્ષા NEET-UGમાં ગેરરીતિઓના આક્ષેપ સાથે અને જવાબદારીની માગણી સાથે વિદ્યાર્થીઓ તથા અન્ય પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા.

રામલીલા મેદાનમાં આંદોલન કરવું મોંઘું અને મુશ્કેલ

1.21 લાખ રૂપિયાનો પ્રારંભિક ખર્ચ અને પોલીસ એનઓસી ફરજિયાત

અઢી મહિના સુધી ડેટ ખાલી નથી

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): રામલીલા મેદાનને પ્રદર્શન માટેના સ્થળ તરીકે નિયુક્ત કરાયું છે, પરંતુ અહીં આંદોલન કરવું મોંઘું અને મુશ્કેલ બનશે. 50,000 લોકોની ક્ષમતા ધરાવતા આ 12 એકડના મેદાનમાં આગામી અઢી મહિના સુધી કોઈ તારીખ ખાલી નથી અને ચાલુ વર્ષે માત્ર 29, 30 અને 31 ડિસેમ્બરની જ તારીખો ઉપલબ્ધ છે. મેદાનનું દૈનિક ભાડું 50,000 રૂપિયા અને સિક્યોરિટી ડિપોઝિટ 55,000 રૂપિયા છે. કરવેરા સાથે એક દિવસના બુકિંગનો પ્રારંભિક ખર્ચ 1.21 લાખ રૂપિયા થાય છે.

દિલ્હી મહાનગર પાલિકાના બાગાયત વિભાગ દ્વારા બુકિંગ થાય છે, જેના માટે દિલ્હી પોલીસની એનઓસી ફરજિયાત છે. દિલ્હી પોલીસ ટૂંક સમયમાં જ આ અંગે નવા દિશા નિર્દેશ જારી કરશે. વિરોધ પ્રદર્શન માટે માત્ર 150 લોકોની ક્ષમતા ધરાવતી નાની જગ્યા મફત ઉપલબ્ધ છે.

રામલીલા મેદાનમાં પ્રદર્શન માટે તારીખો ઉપલબ્ધ ન હોવા અંગે આમ આદમી પાર્ટીના દિલ્હી પ્રદેશ પ્રમુખ સૌરભ ભારદ્વાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકારે દેશના નાગરિકો સાથે વધુ એક છેતરપિંડી કરી છે. ઉપરાંત આ મેદાન ત્રણ મોટી હોસ્પિટલો અને દિલ્હી મહાનગરપાલિકાના મુખ્યાલયની નજીક એક વ્યસ્ત વાણિજ્યિક વિસ્તારમાં આવેલું છે. અહીં યોજાતા મોટા કાર્યક્રમોને કારણે આસપાસના રસ્તાઓ પર ટ્રાફિકનું ભારે દબાણ રહે છે.

આ મેદાનનો ઇતિહાસ રસપ્રદ છે

1930 સુધી આ સ્થળે તળાવ હતું, જેને પૂરીને જમીન સમતળ કરાઈ હતી અને 1932થી રામલીલા યોજવાની શરૂઆત થઈ હતી. બ્રિટીશ કાળમાં તે અજમેરી ગેટ સુધી વિસ્તરેલું હતું અને કમલા માર્કેટ તેનો ભાગ હતું. 1951માં પાકિસ્તાનથી આવેલા શરણાર્થીઓને આજીવિકા પૂરી પાડવા આ વિસ્તાર વિકસાવવામાં આવ્યો હતો. અહીં 1952માં શ્યામાપ્રસાદ મુખર્જીએ જમ્મુ-કાશ્મીરના સંપૂર્ણ વિલીનીકરણ માટે સત્યાગ્રહ શરૂ કર્યો હતો. 1962માં ક્વીન એલિઝાબેથ દ્વિતીયના સન્માનમાં કાયમી સ્ટેજ બનાવાયું હતું. 1975માં કટોકટીના દિવસે જયપ્રકાશ નારાયણ અને અટલ બિહારી વાજપેયીએ અહીં રેલી યોજી હતી. વડા પ્રધાન તરીકે જવાહરલાલ નેહરુએ 1956 અને 1957માં અહીં વિશાળ જનસભાઓને સંબોધિત કરી હતી. આ સિવાય 1971ના પાકિસ્તાન સામેના વિજય બાદ ઇન્દિરા ગાંધીએ અહીં જાહેર સભા યોજી હતી. 2013માં અરવિંદ કેજરીવાલે અહીં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

આર્થિક કટોકટીનો ઉકેલ આપનારા બે દિગ્ગજોને નોબેલ

અમેરિકી અર્થશાસ્ત્રી રોબર્ટ હોલ અને માઈકલ વુડફોર્ડનના સંશોધને ઉર્જા સંકટ અને મંદી સામે લડવા મજબૂત પાયો આપ્યો

ઇરાન પરના હુમલા પછી ઊભી થયેલી ઉર્જા કટોકટી જેવી સ્થિતિમાં અનિયંત્રિત ફુગાવો રોકવા માટે સરકારોને યોગ્ય માર્ગદર્શન મળ્યું

સ્ટોકહોમ, તા. 12 (એપી): અમેરિકી અર્થશાસ્ત્રીઓ રોબર્ટ ઈ. હોલ અને માઈકલ વુડફોર્ડને સોમવારે અર્થશાસ્ત્ર માટેના નોબેલ મેમોરિયલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે.

રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સે સ્ટોકહોમ ખાતે આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે બંને અર્થશાસ્ત્રીઓને 'મેક્રોઈકોનોમિક સ્ટેબિલાઈઝેશનના માઈક્રોઈકોનોમિક પાયા' પરના તેમના ઉત્કૃષ્ટ સંશોધન માટે આ સન્માન આપવામાં આવ્યું છે. તેમના આ મોડેલ્સે વિશ્વભરની સરકારો અને કેન્દ્રીય બેંકોને આર્થિક આંચકાઓ અને કટોકટીઓનો સામનો કરવામાં મદદ કરી છે.

પરંપરાગત આર્થિક માન્યતાઓને બદલી

દાયકાઓ સુધી સરકારો બ્રિટિશ અર્થશાસ્ત્રી જહોન મેનાર્ડ કેન્સના સિદ્ધાંતો મુજબ મંદી સમયે કરઘટાડો અને સરકારી ખર્ચ વધારીને અર્થતંત્રને ગતિ આપતી હતી. 1970ના દાયકામાં જ્યારે ફુગાવો અને બેરોજગારી બંને એકસાથે વધ્યા ('સ્ટ્રેગફલેશન'), ત્યારે જૂની ફોર્મ્યુલા નિષ્ફળ સાબિત થઈ. હોલ અને વુડફોર્ડે આ મોડેલમાં સુધારો કરીને દર્શાવ્યું કે ગ્રાહકો અને વ્યાપારીઓ વાસ્તવમાં ખર્ચ અને રોકાણના નિર્ણયો કેવી રીતે લે છે. આ સંશોધને સ્થિરતા નીતિના સિદ્ધાંતમાં મોટો બદલાવ આણ્યો છે.

હોલે દર્શાવ્યું કે ગ્રાહકોનો ખર્ચ કરવાનો નિર્ણય તેમની ભવિષ્યની આવકની અપેક્ષાઓ પર આધારિત હોય છે. વુડફોર્ડના સંશોધને સ્થાપિત કર્યું કે વ્યાપારીઓ ભવિષ્યમાં વ્યાજદરમાં આવનારા ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની કિંમતો નક્કી કરે છે. આ સંશોધનને કારણે જ યુએસ ફેડરલ રિઝર્વ જેવી સેન્ટ્રલ બેંકો હવે પોતાની નીતિઓ અને વ્યાજદરો અંગે પહેલા કરતાં વધુ સ્પષ્ટ અને સત્તાવાર જાહેરાતો કરતી થઈ છે.

વુડફોર્ડના સંશોધને દર્શાવ્યું કે ફેબ્રુઆરીમાં ઇરાન પરના હુમલા પછી ઊભી થયેલી ઉર્જા કટોકટી જેવી સ્થિતિમાં અનિયંત્રિત ફુગાવો રોકવા માટે વ્યાજદરમાં વધારા જેવા પગલાં લેવા જોઈએ. આ સંશોધનને કારણે જ 1970ના દાયકાના તેલ સંકટની સરખામણીએ હાલના સપ્લાય શોક્સનો વધુ અસરકારક રીતે સામનો શક્ય બન્યો છે.

દિલ્હીમાં ઓક્ટોબરનો ચાર વર્ષનો રેકોર્ડ તોડતો વરસાદ

ઉત્તર ભારતમાં હવામાનમાં પલટો રાજસ્થાન અને પંજાબમાં પણ વરસાદ

હિમાચલ-ઉત્તરાખંડમાં હિમવર્ષા અને જમ્મુમાં જળબંબાકાર

દક્ષિણ ભારતમાં ચોમાસાની આગાહી

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): દિલ્હી અને રાજસ્થાન સહિત ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ અને ગાજવીજ સાથે વાતાવરણમાં પલટો આવ્યો છે. દિલ્હીમાં સોમવારે સવારે 8.30 વાગ્યા સુધીના 24 કલાકમાં સફદરજંગ ખાતે 41.6 મીમી વરસાદ નોંધાયો હતો, જે છેલ્લા ચાર વર્ષમાં ઓક્ટોબર મહિનાનો સૌથી વધુ દૈનિક વરસાદ છે. આ અગાઉ 9 ઓક્ટોબર 2022ના રોજ 74 મીમી વરસાદ નોંધાયો હતો. વરસાદને કારણે ન્યૂનતમ તાપમાન ગગડીને 18.7 ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું જે સામાન્યથી 2.3 ડિગ્રી ઓછું છે, જ્યારે હવાની ગુણવત્તાનો આંક (એક્યુઆઈ) 88 નોંધાયો હતો જે 'સંતોષજનક' વર્ગમાં આવે છે.

રાજસ્થાનના બીકાનેર, શ્રીગંગાનગર અને હનુમાનગઢ જિલ્લામાં પણ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે ઉત્તરી અને ઉત્તરપશ્ચિમી રાજસ્થાનમાં આગામી 3-4 દિવસ સુધી સામાન્ય વરસાદની આગાહી કરી છે.

બીજી તરફ, ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ આગામી 2થી 3 દિવસમાં દક્ષિણ દ્વીપકલ્પમાં ઉત્તર-પૂર્વ ચોમાસું શરૂ થવાની અને આગામી 5થી 6 દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે.

તામિલનાડુ, કેરળ, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં 15થી 18 ઓક્ટોબર દરમિયાન ભારે વરસાદની શક્યતા છે.

જંતર-મંતર શહેરની વચ્ચે હોવાથી ડીનોટિફાય કરાતા શરૂ થયેલી ચર્ચા

વિશ્વના અનેક દેશોમાં ધરણાના સ્થળો શહેરોની વચ્ચે જ છે

ખાસ કરીને પશ્ચિમી દેશોના કેટલાક શહેરોના ધરણા સ્થળો મુક્ત વાણીના પર્યાય જેવા બની ગયા છે

નવી દિલ્હી, તા. ૧૨(PTI): દિલ્હીમાં જંતર-મંતરને વિરોધ પ્રદર્શન સ્થળ તરીકે ડિનોટિફાઇ કરવાથી ભલે ફરી એ ચર્ચા શરૂ થઈ ગઈ હોય કે શહેરના કેન્દ્રમાં દેખાવોની મંજૂરી આપવી જોઈએ કે નહીં, પરંતુ વિશ્વભરના કેન્દ્રીય સ્થળોએ ઘણા “ફ્રી-સ્પીચ ઝોન” (વાણી સ્વતંત્રતાના વિસ્તારો) મોજૂદ છે.

લંડનનું હાઈડ પાર્ક સ્પીકર્સ કોર્નર, ટ્રફલગર સ્ક્વેર અને પાર્લામેન્ટ સ્ક્વેર, ન્યુ યોર્કનું યુનિયન સ્ક્વેર, વોશિંગ્ટનનું લાફાયેટ સ્ક્વેર અને નેશનલ મોલ, ઈસ્તાંબુલનું તકસીમ સ્ક્વેર, સિંગાપોરનું હોંગલિમ પાર્ક અથવા પેરીસનું પ્લેસ ડે લા બેસ્ટિલ - આ તમામ સ્થળો શહેરોના કેન્દ્ર સ્થાનો પર આવેલા છે.

આ ઉપરાંત, કાહિરોનું તહરીર સ્ક્વેર, કિવનું મૈદાન નેઝાલેઝનોસ્ટી અને બેઈજિંગનું તિયાનમેન સ્ક્વેર તાજેતરના ઈતિહાસમાં સૌથી મોટા દેખાવો માટે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત બન્યા છે.

દિલ્હીમાં, શહેરની મધ્યમાં આવેલું બોટ ક્લબ એક આઈકોનિક વિરોધ પ્રદર્શન સ્થળ હતું, પરંતુ તેને રદ કરવામાં આવ્યું અને જંતર-મંતર વિરોધ અને દેખાવોનું પર્યાય બની ગયું. રામલીલા મેદાન, જે હજુ પણ સત્તાવાર વિરોધ સ્થળ તરીકે ચાલુ છે, તે પણ મધ્યમાં જ આવેલું છે, પરંતુ તે જંતર-મંતર કે બોટ ક્લબ જેટલું મધ્યમાં નથી.

રાજેન્દ્ર આર્લેકર તમિલનાડુના રાજ્યપાલ, કેરળમાં સિક્કીમના ગવર્નર માથુરને મૂકાયા

ઉપરાંત ચાર રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક

નવી દિલ્હી, તા. ૧૨(PTI): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા સોમવારના રોજ કરવામાં આવેલા રાજ્યપાલોના એક મોટા ફેરબદલના ભાગરૂપે કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરની તમિલનાડુના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ગયા વર્ષે ૨ જાન્યુઆરીએ કેરળના રાજ્યપાલ તરીકે શપથ લેનાર આર્લેકર, આ વર્ષે ૧૨ માર્ચથી તમિલનાડુનો વધારાનો હવાલો સંભાળી રહ્યા હતા.

રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, આર્લેકરના સ્થાને સિક્કીમના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુર હવે કેરળના નવા રાજ્યપાલ હશે.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, સુરત ડીસ્ટ્રીક્ટ, તાલુકો **કામરેજ**ના મોજે ગામ **આસ્તા**ના **ખાતા નં. ૨૮૬, જુનો બ્લોક નં. ૨૪૪, રી-સર્વે બાદ નવો બ્લોક નં. ૨૫૪** વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનુ કુલ જરાયત **ક્ષેત્રફળ હે.આરે.૦-૨૯-૭૫ ચો.મી** જેનો આકાર **૨.૯૧ પૈસા** વાળી ખેડખાતાની જમીનના માલીક **અશોકભાઈ ધનજીભાઈ, નરેન્દ્રભાઈ ધનજીભાઈ તથા ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ પટેલ**ની સ્વતંત્ર માલીકી, કબજા,ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. જે ખેતીની જમીન અમોના અસીલ ખરીદ કરવા માંગતા હોય અને ઉપરોકત જમીન માલીક **અશોકભાઈ ધનજીભાઈ, નરેન્દ્રભાઈ ધનજીભાઈ તથા ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ પટેલ** અમોના અસીલને વેચાણ કરવા માંગે છે. જેથી સદર ખેતીની જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, હકક, હીત, કબજો, સાટો, ભોગવટો, સંબંધ કે દાવો, લીયન બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિન-૭** માં લેખીત પુરાવાઓ લઈ અમારા અસીલ તર્ફે અમોને મળવુ. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની જમીન માલીક યાને **અશોકભાઈ ધનજીભાઈ, નરેન્દ્રભાઈ ધનજીભાઈ તથા ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ પટેલ**ને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો વિરોધ, દાવા-દુવી ચાલશે નહી, જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફીસ :- ૪૦૫, રાઈઝ ઓન પ્લાઝા,
સરથાણા જકાતનાકા, સુરત.
મો.નં. ૯૮૨૪૩-૬૬૯૧૬

ભરત પી. ડોબરીયા
તે ખરીદનારના એડવોકેટ

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

ચલા શાખા : ગ્રાઉન્ડ ફ્લોર, ટાઈમ્સ સ્ક્વેર બિલ્ડીંગ, દમણ રોડ, ચલા–૩૯૬૧૯૧ ફોન–૦૨૬૦–૨૪૦૨૬૩૧. ઈમેઈલ : bo5990@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૩/૦૬/૨૦૨૬** ના રોજ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો શ્રી મતીઉલ્લા મનુઅલ્લા મનીહાર અને શ્રીમતી મનુઅલ્લા ચંદ્ર મોહમદ મનીહાર** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮,૮૬,૦૭૩.૬૦ (અંકે રૂા. આઠ લાખ છયાંશી હજાર તોત્તેર અને સાઠ પૈસા પુરા) તા.૩૧/૦૫/૨૦૨૬** ના રોજના વધારાનું વ્યાજ કરાર આધારિત દરે અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સહિત આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો/જામીનદારો/ગીરવેદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમો અંતર્ગત આ ધારા ૧૩(૪) ના નિયમ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તારીખ ૦૬ઠી ઓકટોબર, ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/જામીનદારો/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૮,૬૩,૫૫૫.૬૦ (અંકે રૂા.આઠ લાખ તોત્તેર હજાર પાંચસો પંચાવન અને સાઠ પૈસા પુરા) તા.૩૧/૦૮/૨૦૨૬** ના રોજના કરાર આધારિત દરે વધારાનું વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.

એનપીએ પછી રીકવરી– રૂા.૪૦૦૦૦/–

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'મજેસ્ટીક હોમ' તરીકે ઓળખાતી બિર્લ્ડીંગ એ ના ૨જા માળનો ફલેટ નં.૨૦૬ માપ ૧૦૬૫.૦૦ ચો.ફુટ બરાબર ૯૮.૯૪ ચો.મીટર, સુપર બિલ્ટઅપ એરીયા બાંધકામ ની બિન ખેતી જમીન સર્વે નં. ૧૮૮૫, ૧૮૮૬ માપ આશરે ૩૯૪૫.૮૮ ચો. મીટર, રેવન્યુ સર્વે નં.૨૬૩ અને ૩૬૦/એ/બી વાપી નગર પાલિકા ની હદમાં, તા.પારડી, જી.વલસાડ, આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ખુલ્લી જગ્યા, **પશ્ચિમ તરફ** : ફલેટ નં.૨૦૫, **ઉત્તર તરફ** : ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ** : દાદર આવેલ છે.

તારીખ : ૦૬.૧૦.૨૦૨૬ । સ્થળ : વાપી
અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓઃ મોટા વરાછા શાખા : દુકાન નં. ૧ થી ૬, ધારા આર્કેડ, સ્વામિનારાયણ મંદિર નજીક, મહાદેવ ચોક, મોટા વરાછા, સુરત– ૩૯૪૧૦૧ Email : bo9727@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિક્યોરાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨(૫૪ ના ૨૦૦૨) અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના (રૂલ ૩) સાથે વંચાણે લઈ **તા.૦૭.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો/ગીરવેદાર શ્રી દિનેશકુમાર રામસીરોમન મિશ્રા (દેવાદાર/ગીરવેદાર) અને શ્રીમતી સવિતાદેવી દિનેશકુમાર મિશ્રા (સહ–દેવાદાર/ગીરવેદાર) અને શ્રી અશોકકુમાર ત્રિભુવન મિશ્રા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૪,૩૨,૩૩૬.૨૧/– (અંકે રૂા.ચૌદ લાખ બત્રીસ હજાર ત્રણસો છત્રીસ અને એકવીસ પૈસા પુરા) તા.૦૬/૦૩/૨૦૨૬** ના રોજ માસિક વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ આ નોટીસ /તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર/જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) આ ધારાના રૂલ ૮ સાથે સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ વંચાણે લઈ **તા. ૧૧મી ઓકટોબર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૧૫,૧૩,૩૨૭.૨૧/– (અંકે રૂા.પંદર લાખ તેર હજાર ત્રણસો સત્તાવીસ અને એકવીસ પૈસા પુરા) તા.૩૦.૦૯.૨૦૨૬ ના રોજના અને તેના ઉપરનું વધારાનું વ્યાજ** ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

એનપીએ પછી રકવરી થયેલ નથી.રૂા. શુન્ય.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **'સ્વસ્તિક પાર્ક વિભાગ–૧'** નામે જાણીતી હાઉસીંગ સોસાયટી નો **પ્લોટ નં. ૮૧**, (કેજેપી દુરસ્તી મુજબ બ્લોક નં. ૩૮–૮૧) સાઈડ મુજબ માપ એરીયા ૫૩.૩૩ ચો.વાર એટલે કે ૪૪.૬૦ ચો.મીટર બરાબર, અને પાસ થયેલ પ્લાન મુજબ ૪૪.૬૨ ચો.મીટર, ૩૪.૦૦ ચો.મીટર ના કોમન રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત તેના પર જોડાયેલ જોડાણ સહિત રેવન્યુ બ્લોક નં. ૩૩ (જુનો સર્વે નં. ૫૧૩) અને રેવન્યુ સર્વે નવો બ્લોક નં. ૩૮ મોજે ગામ હલદરૂ, તાલુકા કામરેજ, જીલ્લા સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૮૪, **પશ્ચિમ તરફ** : રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૮૦, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૮૨

તારીખ : ૧૧.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત
અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

જાહેર નોટીસ

અમો વકીલશ્રી એમ. એ શેખ રહે, વડોદરા ને તે અમારા અસીલ આરીફઅલી સજ્જાદઅલી સૈયદ ની સુચના અને ફરમાશથી જણાવીએ છીએ કે, મોજે ગામઃ આભવા, જુના તાલુકાઃ ચોર્યાસી, નવા તાલુકાઃ મજુરા, જીઃ સુરત ની સીમમાં જુના સર્વે નંબર ૪૦૦, નવા સર્વે નંબર ૫૦૫, ૫૦૬, ૫૦૭ જેનુ કુલ ક્ષેત્રફળ ૩૨૯૬ એકર ૨૮ ગુંઠા થી નોંધાયલ છે તે પૈકી ૭૬૪ એકર ૨૮ ગુંઠા જમીન ના માલિકી બદરુન્નીશા અબ્દુલરહેમાન બગદાદી ની છે અને સદરહુ બદરુન્નીશા અબ્દુલરહેમાન બગદાદી નિઃસંતાન ગુજરી જતા સદરહુ જમીનનો વહીવટ તેઓના વારસદાર તરીકે અસરફઅલી અમીરઅલી સૈયદ ના વારસો પૈકી આરીફઅલી સજ્જાદઅલી સૈયદ કરી રહેલ છે. સદરહુ ઉપરોક્ત સર્વે નંબર વાળી જમીનો વેચાણ કરવા અર્થે અન્ય ત્રાહીત ઈસમો બજારમાં ફરી રહેલ છે. પરંતુ, સદરહુ જમીનો ઉપર અમારા અસીલ એવા આરીફઅલી સજ્જાદઅલી સૈયદ વહીવટ કરી રહેલ છે અને કોર્ટ કેસો પણ ચાલી રહેલ છે જેથી સદરહુ જમીનો અંગે કોઈપણ ઈસમે બદરુન્નીશા અબ્દુલરહેમાન બગદાદી ના બની બેઠેલા ખોટા વારસદારો સાથે કોઈપણ જાતના લખાણો, કરારો, એમઓયુ કે પાવર ઓફ એર્ટની જેવા કરારો કરવા નહી જો તેમ કરતા માલુમ થશે તો અમારા અસીલ સદરહુ ઈસમો વિરુધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરશે તેની જાહેર જનતાએ નોંધ લેવી. વડોદરા, તાઃ ૧૨/૧૦/૨૦૨૬

આરીફઅલી
સજ્જાદઅલી સૈયદ
મો.૯૮૨૫૦૪૫૩૪૮

મોહંમદશોએબ. એ. શેખ - એડવોકેટ
ઓફીસ/ રહેઃ ૩૦૧, લોખંડવાલા કોમ્પલેક્ષ, ઘી કાંટા રોડ,
નાગરવાડા, વડોદરા. મોઃ ૯૮૯૮૩ ૭૮૧૧૯

મિલકત ખરીદ કરવા અંગેની જાહેર નોટીસ

જત અમારા અસીલ તરફે આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, નીચે જણાવેલી વર્ણન અને વિગતવાળી મિલકતના માલિક શ્રીમતી રીટાબેન ધર્મેશભાઈ દેસાઈ સદરહુ મિલકત સ્વતંત્ર અને સંપુર્ણ કબજા-ભોગવટા તથા નકરજી, બોજા રહીતની અને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવા માંગે છે. જેથી સદરહુ મિલકતના માલિક પાસેથી સદરહુ મિલકત અમારા અસીલ ખરીદ કરે તેની સામે જો કોઈ વ્યકિત, ભાગીદાર, વારસદાર, પેઢી, ટ્રસ્ટ, બેંક, કંપની, મંડળી, નાણાંકીય સંસ્થા, સરકારી/અર્ધસરકારી સંસ્થા યા અન્ય કોઈને કોઈપણ જાતના વાંધા કે વિરોધ, તકરાર, ખોરાકી પોષાકી હોય અથવા સદરહુ મિલકત ઉપર કોઈના કોઈપણ જાતના બોજા યા ચાર્જ હોય તો તેમણે પોતાના વાંધા આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં પુરાવાની નકલો સહીત અમોને નોંધાવવા. જો તેમ કરવામાં કસુર થશે તો અમારા અસીલ સદરહુ મિલકતના ટાઈટલ ચોખ્ખા હોવાનું માની તથા તમામ પ્રકારનાં હકકો છોડી દીધેલા ગણી મિલકત ખરીદ કરવાની કાર્યવાહી કરી ઉપર જણાવેલ મિલકતના માલિક પાસેથી પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ, કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં. તેની આથી તમામ લગતા વળગતાઓએ નોંધ લેવી.

ખેતીની જમીન યાને મિલકતની વિગત

નવસારી ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ નવસારીના મોજે ગામ સાતેમના બ્લોક નંબર : ૨૩૫, ખાતા નં.૧૨૫૭ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન જેનું કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૦-૭૦-૮૩ ચો.મી. યાને ૭૦૮૩ ચો.મી. છે જેનો આકાર રૂા.૬.૦૦ પૈસા છે તે જમીન પૈકી દક્ષિણ દિશા તરફની હે.આરે. ૦-૩૫-૪૧ ચો.મી. યાને ૩૫૪૧ ચો.મી. જમીન દરોબસ્ત .

સરનામુઃ એ-૫૨, પહેલો માળ,
ભાગ્યલક્ષ્મી સોસાયટી વિભાગ-૨,
પીપલોદ, સુરત- ૩૯૫૦૦૭
મો. નં. ૮૩૦૬૦ ૩૩૬૬૧.

મયુર બી. પટેલ
મનવી ડી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ્સ

ડીસ્ટીકટ સુરત, સબડીસ્ટ્રીકટ મહુવાના ગામ મોજે વાઘેશ્વરનાં રે. સર્વે/બ્લોક નં. ૯૬, જૂનો રે.સર્વે નં. ૭૦ વાળી જુની શરતની ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ મહુવાનાં ગામ મોજે વાઘેશ્વરના રે.સર્વે/બ્લોક નં. ૯૬, જૂનો રે.સર્વે નં. ૭૦ વાળી જુની શરતની ખેતીની જમીન જેનો ખાતા નં. ૩૪૯, આકાર રૂા. ૧૨.૧૫ પૈસા, જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૦-૬૫-૦૦ વાળી જમીનના માલિક હરીશભાઈ કલ્યાણભાઈ પટેલનાંએ સદરહુ જમીન પોતાના પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળ ચાલી આવેલ હોવાનું જણાવી તથા સદરહુ જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર હોય કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો હકક હોય કે ઈઝમેન્ટ નો હકક કે કોઈપણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઈન્સ્ટીટયુટનો બોજો કે કોઈ ત્રાહીત પક્ષના લખાણો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦(દસ) માં અમોને કાયદામાં ગ્રાહય પુરાવા સહિત લેખિતમાં રૂબરૂ મળવુ, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે કોઈપણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઈન્સ્ટીટયુટનો બોજો નથી અને હોય તો તેવા તમામ હકક તેઓએ જતા (વેવ) કર્યા છે યાને છોડી દીધા છે તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ સદરહુ જમીન અંગેના વેચાણ વ્યવહારો સંપુર્ણ કરી પાકા લખાણો લખાવી લેશે. તેથી ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે દાવો ચાલશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાએ નોંધ લેવી.

હમારી મારફત
હેંમત આર. ચાહવાલા & સોનલ એમ. ગ્લાસવાલા
એડવોકેટસ
૯૮૨૫૬૪૩૬૩૭ / ૯૮૨૫૫૦૯૫૩૧
ઓફીસ : ૧, ગ્રાઉન્ડ ફલોર, ડોના એપાર્ટમેન્ટ, જમના નગર બી.આર.ટી.એસ. જંકશન ની સામે, ઘોડદોડ – કેનાલ રોડ, સુરત

જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો કામરેજ, મોજે ગામ નગોડના ખાતા નંબર : ૬૭૭, રેવન્યુ સર્વે નંબર : ૨૫૭ પૈકી, જેને જુનો બ્લોક નંબર : ૨૨૩, રીસર્વે બાદ નવો બ્લોક નંબર : ૨૫૬ વાળી સુમારે હે.૦ આરે ૮૬, ૭૦ ચોરસ મીટર ક્ષેત્રફળ તથા રૂા.૯.૦૧ પૈસા આકાર વાળી જુની શરતની ખેતીની જમીન નીલેશભાઈ ગોવિંદભાઈ ભુત ની માલીકી, કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનુ જણાવી, તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો–વિરોધ, લાગભાગ, હકક, હીત, સંબંધ કે દાવો, લીયન બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીન–૭ માં અમોને લેખીત પુરાવાઓ લઈ મળવુ, તેમ થવામા કસુર થયેથી સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો–વિરોધ, તર–તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની, સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનના માલીક નીલેશભાઈ ગોવિંદભાઈ ભુત ને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો વિરોધ, દાવા–દુવી અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૩, પાર્ક એવન્યુ,
શ્રીધર પેટ્રોલ પંપ પાછળ,
પોદ્દાર આર્કેડ થી લંબે હનુમાન રોડ,
વરાછા, સુરત. મો. ૯૮૨૫૫ ૬૭૬૨૪

હર્ષદકુમાર બી. વાડદોરીયા
તે ખરીદનારના એડવોકેટ

-:: મોજે ગામ- કાછબ, તા. ઓલપાડ, જિ. સુરતના બ્લોક નં. ૫૩વાળી જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ વકીલશ્રી શાંતિલાલ ડી. પટેલનાઓ મારફત પ્રસિદ્ધ થયેલ તેનો જવાબ તથા જાહેર જનતા જોગ જાહેર ચેતવણી અંગેની નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામ જાહેર જનતાને જણાવવાનું કે **અમારા અસીલ વિજયભાઈ ત્રિભુવનભાઈ રાબડિયાએ મૂળ જમીન માલિક તથા તેના વહીવટદાર પાસેથી તા. ૧૪/૦૪/૨૦૨૫ના રોજ મોજે ગામ–કાછબ, તા. ઓલપાડ, જિ. સુરતના બ્લોક નં. ૫૩ તથા ૨૩૪ વાળી ખરીદ કરેલ અને જેની સોદા ચિઠ્ઠી પણ બનાવી આપેલ છે. તેમજ અખબારમાં જાહેર નોટીસ તથા ખરીદનાર સાવધાન અંગેની જાહેર ચેતવણી પણ પ્રસિદ્ધ કરાવેલ છે.** અને વેચાણ અવેજની માતબર રકમ રોકડા તથા બેંક મારફત ચૂકવેલ છે. તેમ છતાં ખરીદનારના એડવોકેટ તરીકે જાહેર નોટીસ વકીલશ્રી શાંતિલાલ ડી. પટેલના ઓએ પ્રસિદ્ધ થયેલ હોય જે અંગે જાહેર જનતાને ખુલાસા સાથે ફરી આ જાહેર ચેતવણી અને જવાબ આપીએ છીએ કે ઉપરોકત જમીન એકવાર વેચાણ થયા બાદ ફરી વેચાણ થયેલ હોય તે અંગે અમારા અસીલે કીમ પો.સ્ટે.માં તથા ડી.વાય.એસ.પી. માંગરોળ તથા એસ.પી. સુરત રૂરલ નાઓને લેખિત ફરિયાદ આપેલ છે અને જે અંગે તપાસ ચાલુ છે. તેમજ જે દસ્તાવેજો થયેલ છે તે બાબતે અમારા અસીલ વાંધા અરજી આપી પ્રાંત ઓફિસર ઓલપાડનાઓમાં આર.ટી.એસ. અપીલ નં. ૧૬૨/૨૬ તથા ૧૬૩/૨૬ થી દાખલ થયેલ છે અને જેની સુનવણી તા. ૧૫/૧૦/૨૦૨૬ ના રોજ છે. આમ ઉપરોકત જમીનમાં અમારા અસીલનો હકક અધિકાર ચાલી આવેલ હોય જો ઉપરોકત જમીન કોઈ ઈસમ ખરીદ કરશે તો તેઓને કોઈ માલિકી હકક પ્રાપ્ત થશે નહીં અને ઉલટાનું તકરારમાં ઉતરવું પડશે. અને અમારા અસીલે આપેલ ફરિયાદના કામે આરોપી તરીકે જોડાવું પડશે જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૧૩/૧૦/૨૦૨૬

કિશોર ટી. હિંગુ તે વિજયભાઈ ત્રિભુવનભાઈ રાબડીયાના એડવોકેટશ્રી
ઓફિસ : ૨૨૦, શ્રેયસ ડાયમંડ સેન્ટર, ગીતા બેકરીની ઉપર, વરાછા રોડ, સુરત.
(મો.): ૯૮૨૪૦ ૧૨૩૩૨ / ૯૮૨૪૧ ૧૨૩૩૨

જાહેર નોટીસ

આથી સર્વે જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મારા અસીલ પુર્વીબેન, તે હસમુખભાઈ ખુશાલભાઈની પુત્રી તથા જીગ્નેશકુમાર ભાનુપ્રસાદ પંડયાની પત્ની, રહે. ૨૦૮, જીવનદીપ એપાર્ટમેન્ટ, સર્વોદય સોસાયટીની પાસે, અમરોલી, સુરત ની સુચનાથી નીચે વર્ણવેલ જમીન અંગે આ નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ડિસ્ટ્રીકટ સુરત, તા. ચોર્યાસીના મોજે ગામ દેલાડવાના જુના બ્લોક/સર્વે નં. ૧૩૮, નવા બ્લોક/સર્વે નં.૯૫, રે.સ.નં. ૧૩૮ વાળી, ખાતા નં. ૧૬૧ ની જુની શરતની જમીન, સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦-૭૯-૯૩ ચો.મી. જમીન સંયુકત પરીવારની વડીલોપાર્જીત જમીન છે, જેના મૂળ માલિક રામાભાઈ કીકાભાઈ તા. ૧૨/૦૬/૧૯૬૯ ના રોજ બીનવસીયતે ગુજરી ગયા. તેમના વારસદારો તરીકે તેમના વિધવા, ચાર પુત્રો તથા ચાર પુત્રીઓ ચાલી આવેલા છે. આ જમીનની આજ દિન સુધી વહેંચણી થયેલ નથી અને તેમાં મારા અસીલનો વણવહેંચાયેલો કાયદેસરનો હક્ક, હિત, હિસ્સો છે. ગામ નમુના નં. ૬ ની નોંધ નં. ૯૫૬ (તા. ૨૭/૦૨/૧૯૭૦) માં તમામ વારસદારોના નામો દાખલ થયેલ નથી અને તે નોંધ મારા અસીલને બંધનકર્તા નથી.

આ જમીનના હક્ક અંગે સુરતની સીવીલ કોર્ટમાં રે.દિ.મુ.નં. ૫૭૬/૨૦૨૩ નો દાવો તથા અગ્રસચીવશ્રીની કોર્ટ, અમદાવાદમાં હકપ/સત/અપીલ નં. ૩૪/૨૦૨૬ નું રેવન્યુ પ્રકરણ પેન્ડીંગ છે.

આમ છતાં, મારા અસીલની જાણ, સહી કે સંમતિ વિના આ જમીનનો વેચાણ દસ્તાવેજ નં. ૨૪૦૦૫/૨૦૨૬ કુંતાબેન કાન્તીભાઈ પટેલના લાભમાં કરવામાં આવેલ છે. આ દસ્તાવેજ મારા અસીલના હિસ્સા પુરતો તેમને બંધનકર્તા નથી.

આથી જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત જમીનની ખરીદી, ગીરો, ભાડા/લીઝ, બક્ષિસ, બાનાખત, વિકાસ કરાર, પાવર ઓફ એટર્ની કે તેના આધારે લોન જેવો કોઈપણ વ્યવહાર કરવો નહીં. આમ છતાં કોઈ વ્યવહાર કરવામાં આવશે તો તે પોતાના જોખમે અને ખર્ચે રહેશે, ચાલુ કાર્યવાહીના અંતિમ નિર્ણયને આધીન રહેશે અને મારા અસીલ તેનાથી બંધાશે નહીં.

કોઈ વ્યકિતને આ જમીન અંગે કોઈ વાંધો કે હક્ક-દાવો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૭ (સાત) દિવસમાં પુરાવા સહિત લેખિતમાં નીચેના સરનામે જણાવવું.

૧૯૭, સિધ્ધાર્થ ચોક,
ડભોલી ગામ, સુરત.

મારી મારફત
રાજેશ ટી. કંથારીયા (એડવોકેટ એન્ડ નોટરી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ઉધના સબ–ડીસ્ટ્રીકટ મોજે ગામ **તલંગપોર** ના **સર્વે નં.૨૨૧/૫,બ્લોક નં.૪૨૩** થી નોંધાયેલ બિનખેતીની જમીન કે જેનું ગામ નમુના નં.૭/૧૨ મુજબ ક્ષેત્રફળ :– ૩૨૩૭ સ.ચો.મી. વાળી જમીન કે જેનો **ટી.પી. સ્કીમ નં. ૩૩ (તલંગપોર–ઉંબેર), ઓ.પી.નં.૨૪૨,** જેનુ ક્ષેત્રફળ :– ૩૨૩૭.૦૦ ચો.મી., **ફા. પ્લોટ નં. ૨૩૨** જેના ફાઈનલ પ્લોટનું ક્ષેત્રફળ: ૧૯૪૨.૦૦ સમ ચો.મી. વાળી જમીન **મનોજ ભ્રિગુનાથ સિંહ**ની સ્વતંત્ર માલીકી, કબજા–ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ જમીન તેઓએ હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ જમીનમાં જે કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો લાગભાગ, હકક– હિસ્સો તેમજ લેણું હોય તો તેમણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭મા લેખીત પુરાવા સહીત અમોને રૂબરૂ મળવુ, મુદત વિત્યે કોઈના તેવા હકકો નથી યા તેમણે છોડી દીધા છે તેમ ગણી અમારા અસીલ તેઓ પાસેથી જરૂરી લખાણે કરાવી લેશે. પાછળથી કોઈનો કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા.૧૩.૧૦.૨૦૨૬
ઓફિસ : એફ–૨, પહેલો માળ,
ગજાનંદ કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ,
સચીન, તા. ચોર્યાસી, જી. સુરત
મો. ૯૯૦૯૨ ૧૦૮૯૪
ઓફિસ નં. ૭૦૬૯૮ ૯૭૬૩૩

રાહુલ સી. પટેલ
દિવ્યેશ સી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ્સ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરતઃ ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ-તાલુકાઃ સુરત સીટીના **મોજેઃ ઉધનાના રેવન્યુ સર્વે નંબરઃ ૪૫ પૈકી બ્લોક નંબરઃ ૪** થી નોંધાયેલી બિનખેતીની જમીન **(૧) ઝુબેર હાજી સત્તાર કુંડા (૨) ઝૈદ ઝુબેર કુંડા (૩) અતીક ઝુબેર કુંડા (૪) આયશા ઝુબેર કુંડા તે ફૈઝાન નુરાનીની પત્ની** ની માલીકીની કબજા, ભોગવટા, વહીવટ, વપરાશ હેઠળ હોવાનું જણાવી તથા મજકુર મિલકતના (૧) વેચાણ દસ્તાવેજ નંબરઃ **૩૨૫૩ તારીખઃ ૨૧.૧૧.૧૯૬૭** ની અસલ નોંધણી ફી રસીદ (૨) અસલ વેચાણ દસ્તાવેજ નંબરઃ **૩૨૫૩ તારીખઃ ૨૧.૧૧.૧૯૬૭** તથા તેની અસલ નોંધણી ફી રસીદ (૩) તારીખઃ **૧૯.૦૯.૨૦૨૨ નો ડેપ્યુટી કલેકટર સ્ટેમ્પ ડયુટી અને વેલ્યુએશન વિભાગ-૧ નો અસલ હુકમ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી હમોની અસીલ બેંકને મજકુર મિલકત તારણમાં આપીને ધિરાણ મેળવનાર હોય, જેથી સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, દરદાવો હોય તો તેણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિનઃ ૭** માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતા સદરહું મિલકતમાં તેવો કોઈનો કોઈ લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તે જતો (વેઈવ) કર્યો છે તે જાણી રજીસ્ટર્ડ મોર્ગેજ તથા ધિરાણની પ્રક્રિયા કરવામાં આવશે અને હમોની અસીલ બેંકનો પ્રથમ ચાર્જ ગણાશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની ખાસ નોંધ લેવી.

તા.૧૩.૧૦.૨૦૨૬
ઓફિસ નંબર ૪૦૨–૪૦૩,
પ્રોટોન પ્લસ,સ્ટાર બજારની બાજુમાં,
અડાજણ, સુરત, મો. ૯૬૮૭૦ ૨૬૨૬૭

ભાર્ગવ કે. ભેડા
એડવોકેટ

વેચાણ દસ્તાવેજ ની રજીસ્ટ્રેશન પહોંચ ગુમ થયા તેમજ વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તથા તાલુકે ચોર્યાસી (હાલ તાલુકો–ઉધના) નાં **મોજે ગામ પારડી કણદે**નાં રે.સ.નં. ૩૭ તથા ૩૮, બ્લોક નં. ૬૧ થી નોંધાયેલ બિનખેતીની જમીન જેનું ક્ષેત્રફળ સુમારે ૨૮,૯૩૪ ચો.મી. છે તે પૈકી ૨,૨૪૦ ચો.મી. જમીન ઉપર આયોજીત ઈમારત કે જે **યોગેશ્વર કોમ્પલેક્ષ** નાં નામથી ઓળખાય છે. મજકુર ઈમારતનાં મંજુર થયેલા પ્લાનમાં દર્શાવેલ ફલેટો પૈકી પહેલા માળે આવેલ **ફલેટ નં. ૧૦૮** થી ઓળખવામાં આવેલ ફલેટ, તથા તેને લાગુ અવિભાજીત સુવિધા અને હક્કો સહિતની બાંધકામ કરવાપાત્ર ફલેટવાળો હિસ્સો જેનું બિલ્ટઅપ એરીયા મુજબ ક્ષેત્રફળ ૨૮૦ ચો.ફુટ થાય છે તેમજ દાદર, પેસેજ, વિગેરે કોમન વપરાશના ૫૦ ચો.ફુટ સહિત અને તે કુલ ક્ષેત્રફળને ધ્યાનમાં રાખી મજકુર યોગેશ્વર કોમ્પલેક્ષનાં નામની ઈમારતની નીચેની તળની જમીનમા ૧૪.૭૫૭ ચો.મી. વણ– વહેંચાયેલા હિસ્સાના માલિકી હક્કો સહિત તથા મજકુર કુલ ઈમારતમાં મળવાપાત્ર રાસુકા વપરાશનાં તમામ હક્કો સહિત વાળી મિલકત હાલ દિપીકાબેન ચંપકભાઈ પરમાર ના નામે ચાલી આવેલ છે. સદર મિલકત અમોએ **અસલ વેચાણ દસ્તાવેજ નં. ૯૪૬૬ (સબ રજીસ્ટ્રાર– નવાગામ–૩) કે જેની નોંધણી તા. ૧૬.૦૯.૨૦૦૫ ના રોજથી ખરીદ કરેલ હતી. તે વેચાણ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન રસીદ** ગુમ થયેલ છે. તેમજ ગુમ થયેલ તમામ દસ્તાવેજ અથવા કોઈ એક કોઈ વ્યક્તિ બેંક સંસ્થા શરાફી કે નાણાકીય પેઢીની પાસે ગીરો કે જામીનગીરીમાં હોય તો તેની લેખિતમાં જાણ/વાંધો રજૂ કરવો. તેમજ હાલ અમો સદર મિલકતના માલિક **દિપીકાબેન ચંપકભાઈ પરમાર** એ **યુવરાજ ભવરલાલ ચંદેલ** ને વેચાણ કરવાં માંગીએ છીએ. સદરહુ મિલકતમાં હર કોઈ વ્યક્તિ કે સંસ્થાનો હરકોઈ પ્રકારનો લાગભાગ, દરદારો, ભરણપોષણ કે કોઈનું સાટાખત, ઈઝમેન્ટ, વારસાઈ કે કોઈ પણ પ્રકારનો હક્ક, હિસ્સો હોય તો તેની લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દીન–૭ માં હમોને નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહું મિલકતમાં કોઈના કોઈ પણ પ્રકારના લાગ–ભાગ, હક્ક, હિત, સંબંધ, દર–દાવાદાવીના પ્રકરણો, ચાર્જ બોજા યા ખોરકી–પોષાકીના હક્ક અધિકાર નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું માની લઈ મારા અસીલ સદરહું મિલકતનાં પાકો વેચાણ દસ્તાવેજ કરી આપશે. મુદત બાદની તકરાર કે વાંધા મિલકતના માલીક કે ખરીદનારને બંધનકર્તા રહેશે નહીં જેની લાગતા વળગતા સર્વોએ આખરી નોંધ લેવી.

(અમારી સુચના અને ફરમાઈશથી) – ડી.સી.પરમાર

તા. ૧૩.૧૦.૨૦૨૬
ઓફીસ : એફ–૫, સિધ્ધિ વિનાયક કોમ્પલેક્ષ,
સચીન ચાર રસ્તા, સચીન,સુરત મો.૯૭૨૭૯૭૫૬૦૫

મારી મારફત, **જીતેશકુમાર આર. રાકા**
તે દિપીકાબેન ચંપકભાઈ પરમારના એડવોકેટ